

# આત્મિક જાગૃતિ
# પામી રહેલી મંડળી

"...વળી પ્રભુ રોજરોજ તારણ પામનારાઓ તેઓની મંડળીમાં ઉમેરતા હતા."
પ્રેરિતોનાં કૃત્યો 2:47

આશિષ રાયચૂર

**ફક્ત મફત વહેંચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2024

**માહિતી માટે સંપર્ક કરો**
All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, India

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીધેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીધેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**
આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને "ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર" ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**
**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ – લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org

(Gujarati – A Church in Revival)

# આત્મિક જાગૃતિ પામી રહેલી મંડળી

"...વળી પ્રભુ રોજરોજ તારણ પામનારાઓ તેઓની મંડળીમાં ઉમેરતા હતા."
પ્રેરિતોનાં કૃત્યો 2:47

# અનુક્રમણિકા

પ્રસ્તાવના

1. યરુશાલેમમાંની મંડળી 1

2. આત્મિક જાગૃતિ પામી રહેલી મંડળી 10

# પ્રસ્તાવના

આત્મિક જાગૃતિ એ ઈશ્વરની મુલાકાતનો ઋતુકાળ છે. તે પૃથ્વી પર વરસી રહેલો સ્વર્ગીય ઋતુકાળ છે. મુલાકાતના ઋતુકાળ દરમ્યાન બાબતો ભિન્ન પ્રકારની હોય છે! જ્યારે અમે 2008માં શરૂઆત કરી ત્યારે ઈશ્વર તરફથી અમને આ વચન પ્રાપ્ત થયું હતું, એ વર્ષ હતું જ્યારે આ પુસ્તક લખાયું અને તે વર્ષ આત્મિક અને ભૌતિક વિકાસનું વર્ષ હતું. જોકે, જરૂરી નથી કે આપણે બધું જાણતા હતા કે આપણે તેમાં પ્રવેશ કરી રહ્યા હતા, આપણે તો માત્ર એટલું જ જાણતા હતા કે ઈશ્વર કહેતા હતા કે એ વર્ષ આશીષનું વર્ષ હતું. એ તો એ વર્ષના અંતભાગમાં, અમારા જોવામાં આવ્યું કે ઈશ્વરની યોજના મુજબ ઘટનાઓ બની રહી હતી. અને હવે અમે દેવે જે ખાતરી આપી હતી અને અમને નિર્ધારિત કર્યા હતા તે સ્વર્ગીય આત્મિક જાગૃતિ, આશીર્વાદ અને મુલાકાતના ઋતુકાળને આવકારવા માટે આગળ વધી રહ્યા છીએ.

આપણે ઈશ્વરને આત્મિક જાગૃતિ માટે, આશીર્વાદને અથવા મુલાકાતને માટે પ્રાર્થના કરીને માંગણી કરીએ છીએ—પરંતુ જ્યારે આત્મિક જાગૃતિ થાય ત્યારે તેને માટે શું આપણે તૈયાર છીએ? જ્યારે આત્મિક જાગૃતિ શરૂ થાય ત્યારે તેને માટે આપણે તૈયાર રહેવું પડશે!

જ્યારે આત્મિક જાગૃતિ થાય ત્યારે મંડળી કેવી દેખાય? જ્યારે આપણે આત્મિક જાગૃતિમાંથી પસાર થઈએ છીએ-સ્વર્ગીય આત્મા રેડાય છે અને ઈશ્વરની આત્મિક મુલાકાતનો ઋતુકાળ હોય છે ત્યારે આપણ ને શું થાય છે? એક બાબત બહુ નિશ્ચિત છે તે મંડળીને આપણે આજે જેવી જોઈએ છીએ તેવી નહિ દેખાય. રવિવારે

જ્યારે આપણે મંડળી તરીકે ભક્તિસભા માટે એકઠા મળીએ છીએ ત્યારે, સામાન્ય રીતે આપણે પાળક સાહેબનો સંદેશો પૂરો થાય તેની રાહ જોતાં હોઈએ છીએ. કેટલાક તો તે દરમ્યાન અડધી ઊંઘ ખેંચીને ઘરે જતાં રહેતા હોય છે! પરંતુ જ્યારે ઈશ્વરની મુલાકાતનો ઋતુકાળ હશે ત્યારે મંડળી કઇંક જુદા જ પ્રકારની હશે! ઈશ્વરના આશીર્વાદ અને આત્માના ભરપુરીપણા માટે તૈયાર રહો!

ઈશ્વર તમને આશિષ આપો!
આશિષ રાયચૂર

# 1
# યરુશાલેમમાંની મંડળી

જ્યારે ઈશ્વર કાર્ય શરુ કરે છે અને આપણે તેમની મુલાકાતના ઋતુકાળમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે મંડળી કેવી હશે તેનું દૃશ્ય અને દર્શન આપવું એ આ પુસ્તકનો ઉદ્દેશ છે. આવો આપણે પ્રેરિતોનાં કૃત્યોનાં પ્રથમ આઠ અધ્યાયનો અભ્યાસ કરીએ અને યરુશાલેમની મંડળીમાં ફાટી નીકળેલ આત્મિક જાગૃતિ-કે જેને કારણે યરૂશાલેમમાં મંડળીનો ઉદ્દભવ થયો તેને લગતા કેટલાક ઉચ્ચ મુદ્દાઓને વીણી કાઢીએ! સ્વર્ગમાંથી થયેલ મુલાકાતની મધ્યમાં યરૂશાલેમમાં ઉદ્દભવેલી મંડળીમાં કેવા પ્રકારની જીવનશૈલી હતી અને “આત્મિક જાગૃતિ” વિષે આપણે શીખી શકીએ છીએ.

## એકતા અને પ્રાર્થનામાં જન્મેલી મંડળી

આધ્યાત્મિક જાગૃતિના પુરોગામીઓ પૈકી એક શું હતું? સ્વર્ગમાંથી જે આત્મા રેડાયો તેમાં ખરેખર પ્રવેશ કરતાં પહેલા યરુશાલેમના લોકો કયા પ્રકારની તૈયારીમાંથી પસાર થયા? ઈસુએ તેમના શિષ્યોને યરુશાલેમમાં વાટ જોવા માટે સૂચના આપી હતી કારણ કે આત્માનું રેડાવાનું નક્કી હતું. ઈસુએ તેઓને ચોક્કસ સ્થળ જણાવ્યું હતું અને માત્ર વાટ જોવા માટે કહ્યું હતું. આત્માના રેડાવા અંગેના જાગૃતિના પુરોગામીનું પ્રેરિતોનાં કૃત્યો 1:14માં વર્ણન કરવામાં આવ્યું છે.

**પ્રેરિતોનાં કૃત્યો 1:14**
**એ સર્વ સ્ત્રીઓ સહિત, તથા ઇસુની મા મરિયમ અને તેમના ભાઈઓ એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં.**

યરૂશાલેમમાં સઘળાં 120 શિષ્યો એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં. અહીંયા બે મુદ્દાઓ નોંધવા જેવા છે:

## *એકચિત્તે—એક મનના થઈને*

પ્રથમ "એકચિત્તના થવું" એનો અર્થ "એક મનનાં થવું." બાઇબલ કહે છે કે તેઓ એકચિત્તે લાગુ રહ્યા. તેઓ માત્ર એકચિત્તથી શરૂ થયા ન હતા પરંતુ તેઓ એકચિત્તે સતત લાગુ રહ્યા હતા. તેથી, એકતામાં—એકઠાં રહેવું, એક મનના રહેવું, એક જ હેતુના રહેવું—ખૂબ જ જરૂરી છે. દેવનો આત્મા રેડાઈ જાય તે માટે એક જ બાબત તરફ પ્રયાણ કરતાં રહેવું કે એક જ બાબત માંટે મંડ્યા રહેવું એ આપણા માટે પૂર્વશરત છે. જ્યાં એકતા છે તેવા વાતાવરણમાં, દેવનો આત્મા રેડાઈ છે. ઈશ્વર તેમના આશીર્વાદોને ત્યાં ઉતરી આવવા માટે આદેશ કરે છે.

**ગીતશાસ્ત્ર 133:1-3**

**1 ભાઈઓ સંપસંપીને રહે તે કેવું સારું તથા શોભાયમાન છે!**

**2 તે માથે ચોળેલા દાઢી સુધી, હા, હારૂનની દાઢી સુધી અને તેના વસ્રની કોર સુધી, ઊતરેલા મૂલ્યવાન તેલ જેવું છે.**

**3 વળી તે હેર્મોન પર્વત પરના તથા સિયોનના પર્વતો પરના ઝાકળ જેવું છે. કેમ કે યહોવાએ ત્યાં આશીર્વાદ એટલે અનંતકાળનું જીવન ફરમાવ્યું છે.**

આનો અર્થ એવો થાય છે કે, આશીર્વાદોની વર્ષા પ્રાપ્ત કરવાની પ્રારંભિક પ્રક્રિયામાં પ્રવેશ કરવા માટે, તમારે અને મારે આત્માનું ઐક્ય જાળવી રાખવા પ્રયત્નો સાથે ચાલવું પડશે, આ એક જ હેતુ-કે આપણે ઈશ્વરને પામવા માટે ભૂખ્યા છીએ અને તેમને વધુને વધુ પામવા ઈચ્છીએ છીએ. જ્યારે ઈશ્વરના લોકો નામ, સંસ્થા, મંડળી કે નિયમોના મતાંતરોને બાજુએ રાખીને, ક્ષુદ્રતાના ઝઘડાને બાજુએ મૂકીને, ઈશ્વરને પામવાના એક જ હેતુથી એકતામાં જોડાઈ જાય છે ત્યારે દેવના આત્માના પરાક્રમ અને હાજરીનો જોરદાર પ્રવાહ અનુભવે છે. દરેક લોકોની ઉપર, માથાથી પગના તળિયા સુધી, મોટાથી તે

દરેક નાનામાં નાની વ્યક્તિ સુધી અભિષેક, પ્રેરણા, આશીર્વાદ અને જીવનનો વરસાદ થશે!

## *પ્રાર્થના અને વિનંતી*

બીજો મુદ્દો એ છે કે યરુશાલેમમાં જેઓ મંડળીમાં એકઠા મળતા હતા તેમાં પ્રાર્થના અને મધ્યસ્થતાનું સ્થાન હતું. તેઓ પ્રાર્થના, વિનંતી અને મધ્યસ્થતામાં સતત લાગુ રહેતાં હતાં. તેઓ એકચિત્તના હતાં અને પ્રાર્થના અને વિનંતિમાં લાગુ રહેતાં હતાં—જે દેવના આત્માના પ્રવાહ માટે પુરોગામી છે.

જે ઈશ્વરને આપણે ઓળખવા માંગીએ છીએ તેનો અનુભવ કર્યા વિના મંડળીમાં 50 વર્ષો વિતાવીને, દર રવિવારે બે કલાક, શાંતચિત્તે બેસીને અદ્દભુત સંદેશાઓ સાંભળીને, મનને સારો અનુભવ કરાવીને, ઈશ્વર વિશેના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાનો કોઈ મતલબ નથી. ઈશ્વર વિશેના જ્ઞાનમાં વધારો કરવો અને ઈશ્વરનો અનુભવ કરવો એ બે વિભિન્ન બાબતો છે. ખ્રિસ્તી જીવન એ ઈશ્વર વિશેના જ્ઞાન પર આધારિત જીવન નથી એ તો ઈશ્વર સાથેનો અનુભવ છે. માત્ર ભક્તિસભાઓમાં હાજરી આપવાથી અને ઈશ્વરને વધુ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આપણને કંટાળો આવવો જોઈએ.

તેથી, મંડળી તરીકે આપણો પ્રતિભાવ એવો હોવો જોઈએ કે, “ઈશ્વરપિતા, અમારો એક જ સામાન્ય ઉદ્દેશ છે, અમે તમને વધુને વધુ જાણવા અને મેળવવા માંગીએ છીએ અને તેથી અમે સઘળાં સંપૂર્ણપણે સાથે છીએ!” જોકે, આપણે સ્વાર્થી મહત્વાકાંક્ષાઓ, શંકાકુશંકાઓ અને હરીફાઈથી આપણી જાતોને સાચવવાની જરૂર છે. કારણ કે, જો આપણામાં સ્વાર્થી મહત્વાકાંક્ષાઓ છે તો તે આપણને શંકા તરફ દોરી લઈ જશે, અને શંકા આપણને હરીફાઈ કરવા અને હરીફાઈ ભાગલા પાડવા સુધી જઇ શકે છે. આ પ્રકારની લાગણીઓને કોઈ સ્થાન,

કે પ્રવેશ ન હોવો જોઈએ કેમ કે આપણે ખ્રિસ્તમાં એક છીએ, આપણે એકચિત્તના અને એક ઉદ્દેશનાં છીએ —***અમે ઈશ્વરને વધુ ઓળખવા માંગીએ છીએ !***

## "આ" "તે" છે

**પ્રેરિતોનાં કૃત્યો 2:1-4**

**1 પચાસમાના પર્વનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક સ્થળે એકત્ર થયા હતા.**

**2 ત્યારે આકાશમાંથી એકાએક ભારે આંધીના ઘુઘવાટ જેવો અવાજ આવ્યો, અને તેઓ જ્યાં બેઠા હતા તે આખું ઘર ગાજી રહ્યું,.**

**3 અગ્નિના જેવી છૂટી છૂટી પડતી જીભો તેઓના જોવામાં આવી; અને તેઓમાંના દરેક ઉપર [એક એક] બેઠી.**

**4 તેઓ સર્વ પવિત્ર આત્માથી ભરપૂર થયા, અને આત્માએ જેમ તેઓને બોલવાની શક્તિ આપી તેમ તેઓ જુદી જુદી ભાષાઓમાં બોલવા લાગ્યા.**

*"પચાસમાના પર્વનો દિવસ આવ્યો, તે વખતે તેઓ સર્વ એક એકચિત્તથી એક સ્થળે એકત્ર થયા હતા. ત્યારે આકાશમાંથી એકાએક ..."* (પ્રેરિતોનાં કૃત્યો 2:1,2અ). અત્રે નોંધ કરો કે તેઓ ઉદ્દેશની એકતામાં લાગુ હતા. તેઓ એક સ્થળે એકચિત્તના હતા અને એકાએક, સ્વર્ગ ખૂલી ગયું અને ઈશ્વરે તેઓ પર અગ્નિ મોકલી આપ્યો. કે જેથી જેની જરુર હતી એટલે કે ઈશ્વરના સામર્થ્યનો પ્રવાહ વહેવા લાગ્યો! ઇસુએ જે ખાતરી આપી હતી તે જ પ્રમાણે બન્યું.

તે સમયે યરુશાલેમમાં હજારો યહૂદીઓ પાસ્ખાપર્વની ઉજવણી કરવા માટે એકઠા થયા હતા. ઈતિહાસકારો કહે છે કે ત્યાં યહૂદી લોકોની સંખ્યા સેંકડો હજારો સુધી પહોંચી હશે. અને ત્યારે, ઉપલી મેડીમાં હાજર 120 શિષ્યો મધ્યે કંઈક અસાધારણ બન્યું. તેઓ કોઈ અજાણી ભાષાઓમાં બોલવા લાગ્યા અને આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા હશે. ટૂંક સમયમાંજ, લોકોનું મોટું ટોળું ત્યાં બહાર એકઠું થઈ ગયું જેઓએ જોયું કે આ

લોકો અલગ અલગ ભાષાઓમાં પ્રાર્થના કરે છે અને ઈશ્વરને મહિમા આપી રહ્યા છે. ત્યારે પિતરને લાગ્યું કે ટોળાને શિક્ષણ આપવું જોઈએ, અને તેથી તે ઊભો થયો અને કહેવા લાગ્યો, *"પણ એ તો યોએલ પ્રબોધકે જે કહ્યું હતું તે જ છે"* (પ્રેરિતોનાં કૃત્યો 2:16). એમ કહેતા, "એ તે છે", પિતરે, પવિત્ર આત્માની પ્રેરણાથી કહ્યું કે એ દિવસે યરૂશાલેમમાં જે બન્યું તે તો જૂના કરારમાં યોએલ પ્રબોધકે જે કહ્યું હતું તે જ છે.

**યોએલ 2:28,29**
**28 "ત્યાર પછી એવું થશે કે, હું સર્વ મનુષ્યો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે, તમારા જુવાનોને સંદર્શનો થશે.**
**29 વળી તે સમયે દાસો તથા દાસીઓ પર હું મારો આત્મા રેડી દઈશ.**

હવે પિતરે ખરેખર શું કહ્યું? તેણે કહ્યું, "આ તે છે!" પરંતુ જો આપણે વચન પ્રમાણે જોવા જઈએ તો, આપણે કહી શકીએ "આ" "તે" ન હતું. શા માટે? કારણ કે યોએલ પ્રબોધક કહે છે કે, *"તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે, તમારા જુવાનોને સંદર્શનો થશે"* (યોએલ 2:28). પરંતુ 120 જણા શું કરી રહ્યા હતા? તેઓ મધ્યે કોઈ દર્શન, સ્વપ્ન કે ભવિષ્યવાણી જેવું કશું ન હતું. તેને બદલે, જે થયું એ તો આંધીના ઘુઘવાટ જેવો પવન, અગ્નિના જેવી પડતી જીભો, અને અજાણી ભાષાઓમાં બોલતા લોકો (પ્રેરિતોનાં કૃત્યો 2:2-4). તેથી વાસ્તવમાં, "આ" "તે" ન હતું! જ્યારે હું બાઇબલ કોલેજના વિદ્યાર્થીઓને—શાસ્ત્રનું સાચું અર્થઘટન કેવી રીતે કરવું—શીખવું છું ત્યારે હું મારા વિદ્યાર્થીઓને ખૂબ કાળજી લેવા માટે, ગ્રીક, ઇતિહાસ, તે સમયના લોકોની સંસ્કૃતિ વિગેરે શીખવા માટે કહું છું. તેથી કરીને, જો હું મારા સ્વાભાવિક મન સાથે શું થઈ રહ્યું હતું તેનું વિશ્લેષણ કરું તો, હું એ નિષ્કર્ષ પર પહોંચું કે "આ તે ન હતું!" યોએલ પ્રબોધકે *"આંધીના ઘુઘવાટ*

*જેવા પવન"* (પ્રેરિતોનાં કૃત્યો 2:2) વિષે વાત કરી ન હતી, તેણે *"અગ્નિના જેવી જીભો"* વિષે કે *"અન્ય ભાષાઓમાં બોલવા"* વિષે ભવિષ્યવાણી કરી ન હતી (પ્રેરિતોનાં કૃત્યો 2:3,4). પચાસમાંના દિવસે જે નિશાનીઓ દેખાઈ તેનો યોએલ પ્રબોધકના પુસ્તકમાં ઉલ્લેખ નથી. પરંતુ પવિત્ર આત્મા પિતર મારફતે કહે છે કે "આ તે છે." આ અંગેના મારા બૌદ્ધિક વિશ્લેષણનો નિષ્કર્ષ બહાર આવે છે!

અહીં આપણે બે મહત્વપૂર્ણ ગણતરીઓ કરવાની જરૂર છે.

## *દેવ તેમના વચન કરતાં મહાન છે*

પ્રથમ, દેવ તેમના વચન-બાઇબલ કરતાં મહાન છે. આપણે ઘણીવાર ઈશ્વરને તેમના વચનમાં જ સમાવવાનો પ્રયાસ કરીએ છીએ; પરંતુ ઈશ્વરે જે પુસ્તક લખ્યું છે તેના કરતાં તેઓ મહાન છે. ઈશ્વરે લખેલું પુસ્તક તેમના નાના અંશનું જ વર્ણન કરે છે, તેઓ તો અનંત ઈશ્વર છે. જેમ જેમ હું વિશ્વાસ કરું છું કે બાઇબલ સંપૂર્ણ, દેવના આત્માથી પ્રેરિત અને પૃથ્વી પર આપણાં જીવનો માટે અંતિમ સત્તા છે, તેમ જ હું જાણું છું કે બાઇબલ આપણાં અનંત ઈશ્વરનું સંપૂર્ણપણે વર્ણન કરતું નથી. દેવ તેમના વચનથી ક્યારેય વિપરીત જતાં નથી, તેઓ હંમેશા એ સત્યને વળગી રહે છે જે તેમણે પ્રગટ કર્યું છે. પરંતુ ઈશ્વર અનંતપણે, સનાતન રીતે તેમના વચન કરતાં મોટા છે!

ક્યારેક, જ્યારે આપણે પવિત્ર શાસ્ત્રનું પૃથ્થકરણ કરીએ છીએ, ત્યારે "આ" નો અર્થ "તે" નથી થતો, પરંતુ ઈશ્વર કહે છે, "આ" "તે" છે. કારણ કે, જ્યારે યોએલ પ્રબોધક પવિત્ર આત્માના કાર્ય વિષે વાત કરે છે ત્યારે, તે પવિત્ર આત્માના કાર્યોની આખી યાદી આપતો નથી, તે તો માત્ર કેટલાક કાર્યોનું જ વર્ણન કરે છે જેમ કે—સંદર્શન, ભવિષ્યવાણી, અને સ્વપ્ન. પચાસમાને દિવસે જે બન્યું તે પણ પવિત્ર આત્માના જ બીજા કાર્યો હતા

જેમ કે આંધીના ધુઘવાટ જેવો પવન, અગ્નિના જેવી જીભો, અન્ય ભાષાઓમાં બોલવું. આ પણ પવિત્ર આત્માના જ કાર્યો હતા. તેથી "આ" "તે" જ છે. આમેન!

આત્મિક જાગૃતિ દરમ્યાન, આપણે જ્ઞાન અને પ્રકટીકરણને સાથે રાખીને જ આગળ વધવું પડશે. આપણને બંનેની જરૂર છે, ક્યારેક આપણે માત્ર જ્ઞાનથી જીવીએ છે અને પ્રકટીકરણથી નહિ. આપણને પવિત્ર શાસ્ત્રના ઇતિહાસ—હિબ્રૂ, ગ્રીક અને બધી જ બાબતોની ખબર છે. આપણને ઘણીબધીવાર "યોગ્ય બાબતો" કઈ છે તે ખબર હોય છે, પરંતુ આપણે ઈશ્વરના "વર્તમાન પ્રકટીકરણ" વિશેનું પ્રકટીકરણ નથી જાણતા. તેથી, આપણી પાસે જે "યોગ્ય બાબત" છે તે મશક છે, પરંતુ જે ઈશ્વરનું 'વર્તમાન પ્રકટીકરણ' છે તે તો નવો દ્રાક્ષારસ છે. જો આપણી મશકમાં નવો દ્રાક્ષારસ ભરવામાં ન આવે તો આપણે નવો દ્રાક્ષારસ પ્રાપ્ત કરી શકતા નથી. ઈશ્વર "વર્તમાન"માં જે કરી રહ્યા છે તેને પારખવા માટે આપણને જ્ઞાન અને પ્રકટીકરણ બંનેની જરૂર છે કે જેથી તેને સ્વીકારીને તે પ્રમાણે જીવીએ. "વર્તમાન પ્રકટીકરણ' એ ઈશ્વરના લખાયેલા વચનોથી ક્યારેય વિરુદ્ધમાં હોતું નથી, તેથી ઈશ્વર વર્તમાનમાં શું કરી રહ્યા છે તે સમજવા માટે આપણી પાસે 'વર્તમાન પ્રકટીકરણ' હોવું જરૂરી છે.

## *આત્મિક જાગૃતિ અને ભરપૂરીપણું બિન-સમાન હોઇ શકે છે*

પિતરના "આ તે છે" આધારિત, બીજી અગત્યની બાબત એ છે કે વર્ણવેલ બંને આત્મિક જાગૃતિઓ અને ભરપૂરીપણા વિષેની બાબત એક-સમાન નથી! તેમાં કેટલીક બાબતો એક-સમાન હોઈ શકે છે, પરંતુ તે બંને સંપૂર્ણપણે એક-સમાન હોઈ શકે નહિ. યોએલ પ્રબોધક ઈશ્વરના આત્માના ભરપૂરીપણાનું વર્ણન કરે છે. પચાસમાને દિવસે જે બન્યું તે દેવના આત્માનું વાસ્તવિક ભરપૂરીપણું હતું. કદાચ ઈશ્વર કહી શકે છે કે, "આ તો

ભરપૂરીપણું છે, આ તો મુલાકાતનો સમય છે," પરંતુ આપણે કદાચ કહી શકીએ કે, "આ' બરાબર "તે"ના જેવું લાગતું નથી! આપણે આત્મિક જાગૃતિના ઇતિહાસનો અભ્યાસ કરી શકીએ, તેના પરથી બોધપાઠ શીખી શકીએ, આત્મિક જાગૃતિની પદ્ધતિને એકત્રિત કરી શકીએ પરંતુ આપણે ઈશ્વરને જવાબદાર ઠેરવીને એવું ન કહી શકીએ કે બીજી જગ્યાઓએ જે પ્રમાણે મંડળીમાં આત્મિક જાગૃતિ થઈ તે પ્રમાણે જ બનવું જોઈએ! આપણે જેમ ઈશ્વરના ભરપૂરીપણામાં પ્રગતિ કરી રહ્યા છીએ તેમ ઈશ્વર સમક્ષ આપણે ખુલ્લા મનનાં થવું પડશે. આપણે એ સમજવું પડશે ઈશ્વર હાલ વર્તમાનમાં આપણી સાથે કેવી રીતે કાર્ય કરવા માંગે છે. આપણે આપણી જાતોને સવાલ કરવો પડશે જેમ કે, "મંડળી તરીકે, ઈશ્વર આપણને ક્યાં દોરી લઈ જઈ રહ્યા છે? આ શહેર માટે ઈશ્વરની ઈચ્છા શી છે?" વિશ્વમાં અન્ય શહેરોમાં આત્મિક જાગૃતિની જે ઘટનાઓ બની અને જે રીતે બની એવું જ અને એ રીતે આપણાં શહેરમાં ન પણ બને. એ તદ્દન નવા જ પ્રકારે બને, અને છતાં, તે આત્મિક જાગૃતિ હશે, ઈશ્વરની મુલાકાત હશે, સ્વર્ગમાંથી ભરપૂરીપણાનો પ્રવાહ હશે!

પ્રેરિતોનાં કૃત્યો 2જા અધ્યાયની નોંધમાંથી, આપણે જોઈએ છીએ કે ઈશ્વરના આત્માના ભરપૂરીપણામાંથી મંડળીનો જન્મ થયો! હકીકતમાં આ જ પ્રથમ સ્થાનિક મંડળી હતી.

**પ્રેરિતોનાં કૃત્યો 2:41**
**ત્યારે જેઓએ તેની વાત સ્વીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યાં, અને તે જ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં.**

રાતોરાત, 3000 લોકોની મંડળી જીવંત બની ગઈ! ઘણીવાર હું કલ્પના કરવાનો પ્રયાસ કરું છું તે કેવી રીતે થયું હશે—તે સમયે શિષ્યોને કેવી લાગણી થઈ હશે! તેઓ કોઈપણ સેમિનરીમાંથી સ્નાતક ન હતા, તેઓને "મંડળી સંચાલન" અંગે કે "મંડળીની વૃદ્ધિ" અંગે કોઈ માર્ગદર્શન નહોતું મળ્યું, કશું જ

નહિ, અને છતાં, રાતોરાત, તેઓની મંડળીમાં 3000 લોકો ઉમેરાઈ ગયા હતા! કોઈ આયોજન ન હતું, કોઈ વ્યૂહરચના બની નહોતી, કોઈ પૂર્વાયોજિત સૂચના નહોતી, અનુસરણ માટે કોઈ નમૂનો ન હતો, કોઈ જી12નું જુથ  નહોતું - કશું જ નહિ —પરંતુ ક્ષણવારમાં જ એક મંડળીનો ઉદય થયો!

હું શીખવાના, આયોજનના કે વ્યૂહરચનાના મહત્વને રદબાતલ નથી કરતો. હું તમારાં  હૃદયો પર જે પ્રભાવ પાડવાનો પ્રયાસ કરી રહ્યો છું તે આ છે—"જો ઈશ્વર કશું અનપેક્ષિત રીતે કંઈ કરે છે, તો આપણે તેમાં સામેલ થઈએ!" ઈશ્વરે હંમેશા આપણા આયોજનો અને વ્યૂહરચનાઓ પ્રમાણે જ કાર્ય કરવાનું નથી હોતું. શિક્ષિત લોકો તરીકે, આપણે આપણું મગજ વાપરવા ટેવાઇ ગયા હોઈએ છીએ, અને ત્યાં જ આપણામાંના મોટા ભાગના ઈશ્વર શું કરે છે તે સમજવાનો પ્રયાસ કરવામાં સંઘર્ષ કરવાનું શરૂ કરીએ છીએ. જો ઈશ્વર કશું અણધાર્યું કરવા જઈ રહ્યા છે, તો આવો આપણે તેમાં સામેલ થઈએ!

# 2
# આત્મિક જાગૃતિ પામી રહેલી મંડળી

યરુશાલેમમાંની મંડળીનો જન્મ આત્મિક જાગૃતિ દરમ્યાન થયો હતો. તેથી, આત્મિક જાગૃતિમાં મંડળીનું સ્વરૂપ કેવું હશે તે સમજવા માટે તે આપણા માટે એક મહાન ઉદાહરણરૂપ સેવા આપશે. આપણે જ્યારે આત્મિક જાગૃતિનો અનુભવ કરીએ અને આત્માનું ભરપૂરીપણું પ્રાપ્ત કરીએ ત્યારે કેવી અપેક્ષા રાખવી તે બાબત આપણે શીખી શકીએ છીએ. પ્રેરિતોનાં કૃત્યોના પ્રથમ આઠ અધ્યાય યરુશાલેમમાંની મંડળીના શરૂઆતના 12 વર્ષોની વિગતો રજૂ કરે છે.

## ઈશ્વર તેઓ મધ્યે જે કાર્ય કરી રહ્યા હતા તેમાં તેઓ લાગુ રહ્યા

**પ્રેરિતોનાં કૃત્યો 2:42-47**

**42 તેઓ પ્રેરિતોના બોધમાં, સંગતમાં, રોટલી ભાંગવામાં તથા પ્રાર્થનામાં દૃઢતાથી લાગુ રહ્યાં,**

**43 બધાં ભયભીત થયાં, અને પ્રેરિતોથી ઘણાં અદ્‌ભુત કૃત્યો તથા ચમત્કારો થયાં.**

**44 સર્વ વિશ્વાસ કરનારાઓ ભેગા રહેતા હતા અને તેઓની બધી [મિલકત] સામાન્ય હતી.**

**45 તેઓ પોતાની મિલકત તથા સરસામાન વેચી નાખતા, અને દરેકની અગત્ય પ્રમાણે સર્વને વહેંચી આપતા.**

**46 તેઓ નિત્ય મંદિરમાં એકચિત્તે [હાજર] રહેતા તથા ઘેરઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતા હતા.**

**47 અને તેઓ ઈશ્વરની સ્તુતિ કરતા હતા, અને સર્વ લોકો તેમના પર પ્રસન્ન હતા, વળી પ્રભુ રોજરોજ તારણ પામનારાઓને તેઓની મંડળીમાં ઉમેરતા હતા.**

આપણે નોંધ્યું છે કે વિશ્વાસીઓ મધ્યે પ્રભુ જે કાર્ય કરી રહ્યાં હતા તેમાં તેઓ દરરોજ લાગુ રહ્યાં.

**પ્રેરિતોનાં કૃત્યો 2:42**
**તેઓ પ્રેરિતોના બોધમાં, સંગતમાં, રોટલી ભાંગવામાં તથા પ્રાર્થનામાં દૃઢતાથી લાગુ રહ્યાં,**

**પ્રેરિતોનાં કૃત્યો 2:46**
**તેઓ નિત્ય મંદિરમાં એકચિત્તે [હાજર] રહેતા તથા ઘેરઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતા હતા.**

**પ્રેરિતોનાં કૃત્યો 5:42**
**તેઓએ નિત્ય મંદિરમાં, તથા ઘરે ઈસુ તે જ ખ્રિસ્ત છે તે વિષે શીખવવાનું તથા પ્રગટ કરવાનું છોડ્યું નહિ.**

આ લોકો કે જેઓએ યરૂશાલેમ માટે એક ટૂંકી યાત્રાનું આયોજન કર્યું હતું, તેઓ અચાનક જ તેઓની દૈનિક ક્રિયાઓમાં સામેલ થઈ ગયા હતા. તે એવું છે કે જેમ આપણે આપણી રવિવારની ભક્તિસભામાં જઈએ છીએ; અને કદાચ ક્યારેક મંડળીની ખાસ પ્રકારની સંગતોમાં હાજરી આપીએ છીએ, અને એમ આપણે આપણાં આયોજન મુજબ શાંત જીવન જીવતા હોઈએ. યરુશાલેમમાંની મંડળી તેઓ મધ્યે ઈશ્વર જે કાર્ય કરી રહ્યાં હતા તેમાં લાગુ રહી હતી. આ પ્રવાહમાં તેઓ દરરોજ લાગુ રહેતા હતા—"સપ્તાહમાં એક દિવસ"ની ઘટના તરીકે નહિ!

## સમયપત્રક ધરમૂળથી પ્રભાવિત

એ કલ્પના કરવી ખૂબ સરળ છે કે તેમનું સમયપત્રક ધરમૂળથી પ્રભાવિત થયું હતું. સંજીવનમાં, આપણું સમયપત્રક પ્રભાવિત થાય છે! કદાચ આપણું સમયપત્રક થોડું "અવ્યવસ્થિત" પણ થઈ શકે. યરુશાલેમમાંના લોકોએ કદાચ તેઓની મુસાફરી અગાઉથી આયોજિત કરેલી હશે—કદાચ તેઓ એક દિવસ

સવારે પાસ્ખા પર્વની ઉજવણી માટે યરુશાલેમ ગયા હશે અને બીજે દિવસે પરત ફરવાનું આયોજન કર્યું હશે, અને કદાચ તે પછીના દિવસે તેઓના જે તે સ્થળે તેમના કામનું આયોજન પણ કરી રાખ્યું હશે!

આ બાબત પર વિચાર કરો—તેઓ યરુશાલેમ આવ્યા અને ત્યાં ઈશ્વરના આત્માનું ભરપૂરીપણું હતું! તેઓના જીવનોને સ્પર્શ થયો અને 3000 લોકો તારણ પામ્યા! અને તે ક્ષણે તેઓનું સમયપત્રક બદલાઈ ગયું! કોઈક બાબત તેઓને સવારે અને સાંજે ઈશ્વરને શોધવા અને આરાધના કરવા મંદિર તરફ દોરી રહી હતી. જ્યારે આત્મિક જાગૃતિ ઉદ્દભવે છે ત્યારે સમયપત્રકો બદલાઈ જાય છે. અત્રે હું એવું નથી કહી રહ્યો કે કે આપણે કામ ન કરવું જોઈએ. હું જે કહી રહ્યો છું તે એ કે કેટલીક બાબતો બને છે જે આપણા સમયપત્રકને બદલી નાખે છે કે તેમાં ફેરફાર થાય છે. આપણે એ જાણીને આત્મિક જાગૃતિમાં દાખલ થવાનું છે કે આપણે એ મુલાકાતના ઋતુકાળમાં છીએ કે જ્યારે હાલ ઈશ્વર આપણી મધ્યે કાર્યરત છે. ઈશ્વર આપણને જે આપવા માંગે છે તેને અનુસરવા માટે આપણે આપણાં સમયપત્રકમાં ફેરફાર કરવા માટે તૈયાર રહેવાની જરૂર છે. આપણામાંના ઘણાં પ્રાર્થના કરતા હોઈશું, “ઈશ્વર, અમે આત્મિક જાગૃતિ ઈચ્છીએ છીએ. હે પ્રભુ, અમારા પર આત્માનું ભરપૂરીપણું મોકલી આપો! હે ઈશ્વર, અમારી મુલાકાત લો!” પરંતુ ઈશ્વર જ્યારે “તૈયારી બતાવે” છે અને આપણાં સમયપત્રકમાં ફેરફાર કરે છે, ત્યારે આપણે કહીએ છીએ, “હે પ્રભુ, અમને આત્મિક જાગૃતની જરૂર છે પણ અમારા સમયપત્રકમાં કોઈ ફેરફાર કરશો નહીં અને અમારા રોજબરોજના જીવનને વિક્ષેપિત કરશો નહીં.” અથવા તો આત્મિક જાગૃતિ માટેની પ્રાર્થના માટે ઈશ્વરના પ્રત્યુત્તરને પ્રાપ્ત કરવા માટે શું આપણે ખરેખર તૈયાર છીએ?

## સમુદાયની ભાવના—સાથે મળીને વહેંચવું

**પ્રેરિતોનાં કૃત્યો 2:44,45**
**44 સર્વ વિશ્વાસ કરનારાઓ ભેગા રહેતા હતા, અને તેઓની બધી [મિલકત] સામાન્ય હતી.**
**45 તેઓ પોતાની મિલકત તથા સરસામાન વેચી નાખતા, અને દરેકની અગત્ય પ્રમાણે સર્વને વહેંચી નાખતા.**

યરુશાલેમમાંની મંડળી જે રીતે ભરપુરીપણામાં આગળ વધી રહી હતી, ત્યાં આપણે જોઈએ છીએ કે તેઓમાં સમુદાયની ઊંડી ભાવના—સાથે મળીને વહેંચવાની ભાવના હતી. અચાનક જ, તેઓ સાથે મળીને બપોરનું અને રાત્રી ભોજન સાથે કરવા લાગ્યા, અને કદાચ જેઓ એકબીજાને અગાઉ ઓળખતા ન હતા તેઓ સાથે મુસાફરી પણ કરવા લાગ્યા. આ લોકો મધ્યે તદ્દન નવા પ્રકારની સામુદાયિક ભાવનાનો અનુભવ જોવા મળે છે. બાઇબલ કહે છે કે તેઓની બધી વસ્તુઓ [મિલકત] સામાન્ય હતી અને તેઓએ પોતપોતાની વસ્તુઓ અને મિલકતો વહેંચવાનું શરૂ કર્યું. તેથી, આત્મિક જાગૃતિ શું કરે છે? આત્મિક જાગૃતિ આપણાં જીવનોમાં સામુદાયિક ભાવનાનું ઘડતર કરે છે. આપણી મુસાફરીઓમાં આપણે એકબીજાની સાથે વહેંચણી કરવાનું શરૂ કરીએ છીએ અને આપવામાં, મદદ કરવામાં, અને આપણી એકતામાં સ્વયંસ્ફુરણા જોવા મળે છે.

## મંડળીની ઝડપી વૃદ્ધિ

આપણે યરુશાલેમમાંની મંડળીની ઝડપથી થતી વૃદ્ધિ જોઈએ છીએ. *"...વળી પ્રભુ રોજરોજ તારણ પામનારાઓ તેઓની મંડળીમાં ઉમેરતા હતા"* (પ્રેરિતોનાં કૃત્યો 2:47બ). આપણે ચોક્કસ નથી જાણતા કે દરરોજ કેટલા લોકો મંડળીમાં ઉમેરાતા હતા, પરંતુ બની શકે દરરોજ 100 કે 200 કે 10 માત્ર લોકો ઉમેરાતા હશે, પણ બાઈબલ નોંધે છે કે દરરોજ મંડળીમાં લોકો ઉમેરાતા હતા. પિતરના પ્રથમ સંદેશા પછી, એક જ દિવસમાં

3000 લોકો ઉમેરાયા (પ્રેરિતોનાં કૃત્યો 2:41). ત્યારપછી, લંગડા માણસના સાજાપણા પછી બીજા 5000 લોકો ઉમેરાયા (પ્રેરિતોનાં કૃત્યો 4:4). ખરેખર મંડળીની વિસ્ફોટક વૃદ્ધિ! આપણાં શહેરમાંની મંડળીઓમાં આ પ્રકારની અદ્ભુત બાબતો બને તો શું આપણને નહીં ગમે?

## નોંધપાત્ર ચમત્કારો જે મંડળીની સતત વૃદ્ધિનું કારણ બને છે

આપણે જોઈએ છીએ કે નોંધપાત્ર ચમત્કારો મંડળીની સતત વૃદ્ધિનું કારણ બને છે. ઘણાં બધા ચમત્કારો થયા, પરંતુ પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં માત્ર નોંધપાત્ર ચમત્કારોની જ નોંધ કરવામાં આવી છે. એક માણસ જે 40 વર્ષોથી લંગડો હતો, તે સાજો થાય છે (પ્રેરિતોનાં કૃત્યો 3:1-8). લોકો જેઓ માંદા હતા તેઓ દૂર દૂરથી આવ્યા હતા કે જેથી પિતરનો પડછાયો તેઓ પર પડે, અને તેઓ સાજાપણું પામે!

**પ્રેરિતોનાં કૃત્યો 5:12-16**

**12 પ્રેરિતોની હસ્તક લોકોમાં ચમત્કારો તથા અદ્ભુત કામો ઘણાં થયાં (તેઓ સર્વ એકચિત્તે સુલેમાનની પરસાળમાં એકઠાં થતાં હતાં.**

**13 પણ બીજાઓમાંથી કોઈને તેઓની સાથે મળી જવાની હિંમત થતી ન હતી, તોયે લોકો તેઓને માન આપતા હતા,**

**14 અને પ્રભુ પર વિશ્વાસ કરનારાં, સંખ્યાબંધ પુરુષો તથા સ્ત્રીઓ, વધારે ને વધારે ઉમેરાતાં ગયા;)**

**15 એટલે સુધી કે તેઓએ માંદાને લાવીને માર્ગમાં પથારીઓ તથા ખાટલાઓ પર સુવાડ્યાં, જેથી પિતર પાસે થઈને જાય તો તેનો પડછાયો પણ તેઓમાંના કોઈના ઉપર પડે,**

**16 વળી યરુશાલેમની આસપાસના શહેરોમાંના ઘણા લોકો માંદાને તથા અશુદ્ધ આત્માઓથી પીડાતાને લઈને ત્યાં ભેગા થતા, અને તેઓ બધાંને સાજા કરવામાં આવતાં.**

તેથી આત્મિક જાગૃતિ દરમ્યાન આપણી મધ્યે પણ આ જ પ્રમાણે બનશે. નોંધપાત્ર ચમત્કારો થશે. આપણાં જીવનોમાં દરરોજ ચમત્કારો થાય છે તે માટે આપણે ઈશ્વરપિતાનો

આભાર માનીએ છે, પરંતુ આત્મિક જાગૃતિ દરમ્યાન આપણી મધ્યે નોંધપાત્ર ચમત્કારો થશે.

## સતાવણી

આત્મિક જાગૃતિ પામી રહેલી મંડળી સતાવણીને આકર્ષે છે. જ્યારે આપણે આત્માના ભરપૂરીપણામાં હોઈએ છીએ ત્યારે, કેટલાક કારણોસર, તે સતાવણીને આકર્ષે છે. તો શું તેથી ખરેખર આપણે આત્માનું ભરપૂરીપણું ઈચ્છીએ છીએ? પિતર અને યોહાનને સાન્હેદ્રીન સભામાં લઈ જવામાં આવ્યા અને તેઓને આદેશ કરવામાં આવ્યો કે ઈસુના નામમાં પ્રચાર કરવો નહિ (પ્રેરિતોનાં કૃત્યો 4:17,18). પ્રેરિતોને જેલમાં પુરવામાં આવ્યા (પ્રેરિતોનાં કૃત્યો 5:17,18). સ્તેફનને પથ્થરો મારીને મારી નાખવામાં આવ્યો (પ્રેરિતોનાં કૃત્યો 7:58). આત્માના ભરપૂરીપણા દરમયાન સતાવણીમાં વધારો થવો અસાધારણ બાબત નથી. પરંતુ નોંધવું જોઈએ કે પ્રેરિતોએ કેવી રીતે પ્રતિસાદ આપ્યો.

**પ્રેરિતોનાં કૃત્યો 4:19,20**

**19 પણ પિતર તથા યોહાને ઉત્તર આપ્યો, "ઈશ્વરના કરતાં તમારું સાંભળવું ઈશ્વરની નજરમાં યોગ્ય છે કે નહિ, એ તમે જ નક્કી કરો.**

**20 કેમ કે અમે જે જે જોયું તથા સાંભળ્યું, તે કહ્યા વિના અમારાથી રહેવાય એમ નથી."**

**પ્રેરિતોનાં કૃત્યો 5:41**

**તેઓ તે નામને લીધે અપમાન પામવા યોગ્ય ગણાયા, તેથી હરખાતા, હરખાતા તેઓ સભામાંથી ચાલ્યા ગયા.**

પ્રેરિતોએ એવું કહ્યું નહિ કે તેઓ ઈશ્વરને પ્રાર્થના કરશે અને કહેશે કે સ્વર્ગના દ્વાર બંધ કરી દો કે આત્માનું ભરપૂરીપણું "ઓછું" કરી નાખો. તેને બદલે તેઓ તો ઈશ્વર જે કરી રહ્યા તેની સાથે ખુશ હતાં. તેઓ ઈશ્વરને આધીન થવામાં ખુશ હતાં અને આપણા પ્રભુ ઈસુના નામને લીધે સહન કરવાને સન્માન

ગણતાં હતાં. આપણે પણ આપણા પ્રભુ ઇસુના નામને લીધે સહન કરવાને સન્માન ગણવું જોઈએ!

આપણામાંથી મોટાભાગના આરામદાયક ખ્રિસ્તી જીવન જીવ્યા છીએ. આપણે ભાગ્યે જ કોઈ સતાવણીનો સામનો કરવો પડ્યો છે. આપણા કાર્યસ્થળે "નાની નાની બાબતો"માં ક્યારેક આપણને તેનો અનુભવ થયો હશે જેમ કે આપણા સહકર્મીઓને આપણા ખ્રિસ્તી વિશ્વાસ અંગે ખબર પડે પછી તેઓ આપણી સાથે વાત ન કરે, કે આપણી સાથે ફરવા ન આવે, કે આપણી સાથે ચા કે ભોજન ન કરે વિગેરે. અને આપણને લાગે કે આપણે આપણા ખ્રિસ્તી વિશ્વાસને લીધે આપણા કાર્યસ્થળે સતાવણીનો ભોગ બની રહ્યા છીએ. સાચું કહું તો, જેને "સતાવણી" કહેવાય એવું કશું જ આપણે હજી સુધી જોયું કે અનુભવ્યું જ નથી. પણ જો આપણે કહીએ કે, "ઈશ્વરપિતા, અમને આત્મિક જાગૃતિ જોઈએ છે." તો યરુશાલેમમાંની મંડળીને જે અનુભવ થયો તેવી સતાવણીનો સામનો કરવા માટે આપણે તૈયાર રહેવું પડશે.

## પાપને માટે મજબૂત ન્યાયચુકાદો

આપણે જાણીએ છીએ કે આત્મિક જાગૃતિના વાતાવરણમાં, ઈશ્વર પોતાના લોકો માટે કૃપા, ચમત્કારો અને કૃપાદાનો ભરપૂરીપણામાં વહેતા કરે છે. પરંતુ તે જ સમયે, પાપ માટે ત્વરિત ન્યાયચુકાદો પણ હોય છે. જ્યારે આપણે જૂઠું બોલીએ છીએ ત્યારે આપણામાંથી કેટલા મૃત્યુ પામે છે? જો આમ બનતું હોય, તો આપણામાંથી કોઈ જીવતો ન રહે. આજે, જો કે આપણે બધા વિશ્વાસીઓ હોવા છતાં, આપણામાંના કેટલાએક હજી પણ જૂઠું બોલે છે, ચોરી કરે છે, અને છતાં કોઈ મરણ પામતું નથી! પરંતુ યરુશાલેમમાં આત્મિક જાગૃતિ દરમ્યાન, અનાન્યા અને સાફિરા જૂઠું બોલ્યાં અને મંડળીમાં આપેલ દાન સંબંધી નાની બાંધછોડ કરી, અને તરત જ તેઓ મરણ પામ્યાં (પ્રેરિતોનાં કૃત્યો 5:1-10). આ ખૂબ જ ગંભીર ન્યાયચુકાદો છે!

## અલૌકિક પ્રદર્શનો અને ઈશ્વરદૂતોની મુલાકાતો

શરૂઆતની મંડળી સાજાપણા અને ચમત્કારો ઉપરાંત અલૌકિક પ્રદર્શનો અને ઈશ્વરદૂતોની મુલાકાતોનો અનુભવ કર્યો. પ્રેરિતોનાં કૃત્યો 4:31માં નોંધે છે, *"તેઓ પ્રાર્થના કરી રહ્યા ત્યારે જે મકાનમાં તેઓ ભેગા થયા હતા તે હાલ્યું..."* ત્યાં જમીનમાં કોઈ ભૂકંપ નહોતો થયો, પણ તેઓ જે મકાનમાં એકઠા થયા હતાં તે હાલ્યું. કલ્પના કરો કે તમે પ્રાર્થનામાં છો અને તમને લાગે છે કે મકાન હાલે છે, પરંતુ કશું જ પડતું નથી. પ્રેરિતોનાં કૃત્યો 5:19-21 કહે છે કે ઈશ્વરદૂત આવ્યો અને શિષ્યોને જેલમાંથી બહાર કાઢી લાવ્યો. પ્રેરિતોનાં કૃત્યો 8:26માં નોંધ છે કે ઈશ્વરદૂતે ફિલિપને રણ પ્રદેશમાં જવા માટે સૂચના આપી. તેથી, આત્માના ભરપૂરીપણા દરમ્યાન ઈશ્વરદૂતોની પ્રવૃતિઓ અને ઈશ્વરદૂતોની સેવાનો ઉદ્દભવ થશે.

## આંતરિક પ્રશ્નોથી મુક્ત નથી

આત્માના ભરપૂરીપણા કે મુલાકાત દરમ્યાન, મંડળી આંતરિક સમસ્યાઓથી મુક્ત રહેવાની નથી. ક્યારેક, આપણે ખોટા ભ્રમમાં રહીએ છીએ કે કેમ કે ઈશ્વરની મુલાકાતનો મહાન સમય ચાલી રહ્યો હોવાથી મંડળીમાં કોઈ સમસ્યા જોવા નહિ મળે. એ ધારણાથી વિપરીત, યરુશાલેમમાંની મંડળીએ સમસ્યાનો અનુભવ કરવો પડ્યો. પ્રથમ મુદ્દો કે જેની સાથે શિષ્યોએ કામ કરવું પડ્યું તે તો વિધવા સ્ત્રીઓમાં વહેંચણીનો વિવાદ હતો. કેટલીક વિધવાઓ ગ્રીકભાષી હતી અને કેટલીક વિધવાઓ હિબ્રુભાષી હતી, તેઓ પૈકી કેટલીકને એવું લાગ્યું કે વહેંચણીમાં તેમની સાથે પક્ષપાત કરવામાં આવતો હતો (પ્રેરિતોનાં કૃત્યો 6). અને તેથી ત્યાં વિવાદ ઊભો થયો, પરંતુ શિષ્યો ઈશ્વરના જ્ઞાન સાથે ઊભા થયાં અને વિવાદનું નિરાકરણ કરવામાં આવ્યું.

મુદ્દો એ છે કે આપણી આત્મિક જાગૃતિ દરમ્યાન પણ,

આંતરિક સમસ્યાઓ આવી શકે છે, અને આપણે ઈશ્વરના જ્ઞાન વડે તેનો નિવેડો લાવવાનો છે, ગભરાવાનું નથી. બીજી નોંધપાત્ર બાબત એ છે કે આગેવાનોએ નક્કી કર્યું કે તેઓએ જે અતિઅગત્યની બાબત છે – વચન અને પ્રાર્થનાની સેવા— તેના માટે સતત કાર્ય કરવું. આગેવાનોએ જે મહત્વની બાબત હતી— આત્મિક જાગૃતિ માટે આગેવાની પૂરી પાડવી —તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આપણે જ્યારે ઈશ્વરના સેવાકાર્યમાં છીએ ત્યારે આપણા માટે આ મહત્વનો બોધપાઠ છે.

આપણે આગેવાનોને ઊંચે ન ચઢાવી દઈએ તે અંગે પણ આપણે કાળજી રાખવાની છે. આત્મિક જાગૃતિ વ્યક્તિ કે સેવા કેન્દ્રિત બની રહેવી જોઈએ નહિ. અને છતાં, આપણે આત્મિક જાગૃતિ માટે આગેવાનીનું મહત્વ સમજવું પડશે—આગેવાનોએ પોતાનું સ્થાન સુનિશ્ચિત કરવું પડશે, ઉત્તરદાયી બનવું પડશે, અને ઈશ્વર તેઓ દ્વારા જે કરવા માંગે છે તે પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આમ કરવાથી આત્માનું ભરપૂરીપણું વિસ્તરશે, વધશે અને મંદ નહિ પડે. વેલ્શમાં થયેલ આત્મિક જાગૃતિ અંગે એક દુ:ખદ બાબત જાણવા જેવી છે. ઇવાન રોબટ્ર્સ નામના સેવક આત્મિક જાગૃતિ દરમ્યાન એક ચાવીરૂપ આગેવાન હતાં અને હકીકતમાં, તેઓ આત્મિક જાગૃતિની પ્રક્રિયાની ટોચ પર તેઓ આ ચાવીરૂપ આગેવાનીમાં પહોંચ્યા હતાં, પણ કશુક દૂરભાગ્યપૂર્ણ બન્યું. અચાનક તેઓએ આગેવાનીના એ પદ પરથી હઠી જવું પડ્યું. ઇવાન રોબટ્ર્સ માનસિક અને શારીરિક પતનથી ઘવાઈ ગયા—થાકી ગયા. લગભગ રાતોરાત, તેઓ આગેવાનીના એ પદ પરથી દૂર થઈ ગયા અને તેમનું બાકીનું જીવન તેઓએ એકાંતમાં – પ્રાર્થના અને લેખનમાં વ્યતીત કર્યું. વેલ્શમાં થયેલ આત્મિક જાગૃતિમાં ઈશ્વરે જે માણસનો અસરકારક રીતે ઉપયોગ કર્યો તેનો એક અતિ દુ:ખદ અંત!

આત્મિક જાગૃતિમાં આગેવાનીનો એક મહત્વનો હિસ્સો હોય

છે. આપણે જ્યારે આગેવાનીને ઊંચે ચઢાવવા અને મહિમાવાન કરવા નથી માંગતા ત્યારે આપણે એ સમજવું પડશે કે જેઓ આત્મિક જાગૃતિ માટે આગેવાનીમાં છે તેઓ માટે એ ખૂબ જ મહત્વનું છે કે તેઓ લક્ષ્ય કેન્દ્રિત રહે, થાકી જવાથી બચે, અને એ જ સમયે ધ્યાનમાં રાખે કે આપણી મધ્યે પૃથ્વી પર ઈશ્વર જે કાર્ય કરવા માંગે છે તે માટે આપણે ઈશ્વરને જવાબદાર છીએ.

## દરેક વ્યક્તિ ચમત્કારિકતામાં વહે છે

પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં, આપણે પાછળના ભાગમાં જોઈએ છીએ કે જેમ જેમ આત્માનું ભરપૂરીપણું વધતું જાય છે, તેમ તેમ દરેક વ્યક્તિ ચમત્કારિકતામાં વહેવા લાગે છે. તરત જ, આપણે સ્તેફન (પ્રેરિતોનાં કૃત્યો 6) અને ફિલિપ (પ્રેરિતોનાં કૃત્યો 8) વિષે સાંભળીએ છીએ કે જેમના દ્વારા મહાન ચમત્કારો અને અદ્ભુત કાર્યો કરવામાં આવ્યા. હું ખૂબ દ્રઢપણે વિશ્વાસ કરું છું કે ઈશ્વર ઈચ્છે છે કે મંડળીની દરેક વ્યક્તિ ઈસુ ખ્રિસ્તના નામમાં માંદાઓને સાજા કરે, ભૂતોને કાઢે, અને મરેલાઓને સજીવન કરે. ઈશ્વર આ શહેરમાં આપણાં શહેરની શેરીઓમાં પોતાના લોકોને આક્રમણ કરતાં અને ઈશ્વરના મહિમાને પ્રગટ કરતાં જોવા માંગે છે. જ્યાં જ્યાં લોકોને જરૂર છે તે પ્રત્યેક શેરીઓમાં દરેક વિશ્વાસી વ્યક્તિ ચમત્કારો અને અદ્ભુત કાર્યો પ્રગટ કરશે. અને ઈશ્વર મંડળીને આવી સ્થિતિમાં લાવવા માંગે છે અને આત્માના ભરપૂરીપણાની મધ્યે આવું જ બનશે. હું અને તમે શેરીઓમાં, બજારોમાં, અને જ્યાં કંઈ લોકોને જરૂર છે ત્યાં ઈશ્વરના મહિમાને લઈ જઈશું!

## અગ્નિ પ્રસરે છે

આત્મિક જાગૃતિનો અગ્નિ પ્રસરે છે! શાઉલ દ્વારા યરુશાલેમમાં સતાવણી કરવામાં આવી તેથી વિશ્વાસીઓ વિખેરાઈ ગયા પરંતુ તેઓ જ્યાં કંઈ ગયા ત્યાં આત્મિક જાગૃતિનો અગ્નિ

લઈને ગયા. તેઓ સમરૂન અને યહૂદિયામાં ગયા અને તે સ્થળો અગ્નિથી આત્મિક જાગૃતિ પામ્યા (પ્રેરિતોનાં કૃત્યો 8). કેટલાએક અંત્યોખમાં ગયા અને અંત્યોખમાં આત્મિક જાગૃતિનો અગ્નિ પ્રસર્યો (પ્રેરિતોનાં કૃત્યો 11). સામાન્ય વિશ્વાસીઓ જ્યાં કંઈ તેઓ ગયા ત્યાં આત્મિક જાગૃતિનો અગ્નિ લઈને ગયા. હું વિશ્વાસ કરું છું કે આપણે પણ "આત્મિક જાગૃતિના વાહક" બનીશું – ઈશ્વરના આત્માના ભરપૂરીપણાની મધ્યે આત્મિક જાગૃતિના વાહક – બનીશું.

જે આપણને આત્મિક જાગૃતિની પ્રક્રિયામાંથી બહાર લઈ જાય છે તે સતાવણી હોઈ શકે છે અથવા ના પણ હોઈ શકે છે. બની શકે કે આપણી નવી નોકરીના કારણે આપણે બહાર જવું પડે, નોકરીમાં બદલી થવાને કારણે આપણે સ્થળ બદલવું પડે વિગેરે. ઘણાંબધાં કારણોસર આપણે આપણા હાલના સ્થળેથી અન્યત્ર જવું પડે. પરંતુ જ્યારે આપણે જઈએ છીએ ત્યારે, આપણે ઈશ્વરના આત્માના ભરપૂરીપણાને સાથે લઈને જઈએ! આપણે ઈશ્વરના અગ્નિને સાથે લઈ જઈએ અને વિશ્વની અન્ય જગ્યાઓને ઈશ્વરના અગ્નિથી પ્રજાવલ્લિત કરીએ! અને એ જ તો મંડળી આત્મિક જાગૃતિમાં છે!

આત્મિક જાગૃતિ પામેલી મંડળી બની રહેવા માટે, ઈશ્વર જે કરી રહ્યા છે તેની મધ્યે જેમ આપણે જાણીએ છીએ તેમ તે આપણા દૈનિક જીવનોને અસર કરશે, આપણા મંડળીકીય જીવનને પણ અસર કરશે. પરંતુ તે દરેક બાબત મૂલ્યવાન છે કારણ કે, જો આપણું શહેર બદલાવાનું છે, તો ખરેખર તેને ઈશ્વરના આત્માની મુલાકાતની જરૂર છે. જો આપણું શહેર પ્રભાવિત થવાનું છે તો, એનો અર્થ એવો થયો કે આજે આપણી પાસે જે છે તેના કરતાં વિશેષ આપણને ઈશ્વરના આત્માની જરૂર છે. હમણાં સુધી આપણા શહેરમાં જે કંઈ થયું છે તેને માટે આપણે ઈશ્વરના આભારી છીએ ત્યારે આપણે વિચારવાની

જરૂર છે કે હજી આપણા શહેરમાં એવા ઘણાં લોકો છે જેઓ ઇસુ ખ્રિસ્ત વિષે જાણતા નથી. લાખો કરોડો લોકો છે જેઓ હજી પણ ખ્રિસ્તના નામથી અજાણ છે. જો આપણે આપણા શહેરને ખ્રિસ્તના નામથી પ્રભાવિત કરવા માંગીએ છીએ તો, આપણને ઈશ્વરના આત્માના મહાન ભરપૂરીપણાની તાતી જરૂર છે. આપણને ઈશ્વરના આત્માની મુલાકાતની જરૂર છે. આજે જે જીવન આપણે જીવી રહ્યાં છીએ તે કરતાં કંઈક વિશેષ ઘણી આપણને ઈશ્વરની જરૂર છે, અને એનો મતલબ છે કે મારે અને તમારે દોડવું પડશે. શું આપણે ઈશ્વરના આત્માના ભરપૂરીપણા અંગે અને આત્મિક જાગૃતિ માટે પ્રાર્થના કરવા તૈયાર છીએ?

આવો, આપણે આત્મિક જાગૃતિ પામી રહેલી મંડળી બનવા તરફ આગળ વધીએ!

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓને સાજા કર્યા અને દુ:ખીઓના દુ:ખ દૂર કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, મૂંગાઓને બોલતા કર્યા લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ બધાં જ પ્રકારનાં કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે તેઓ આપણને સાજા, તાજા, તંદુરસ્ત અને આનંદમય જોવા માંગે છે. ઈશ્વર લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે પણ છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઈસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી જુદા પાડી છે. પાપ આપણને ઈશ્વર કે જેમણે આપણને સૃજયા છે તેમને ઓળખવા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધાં અન્ય બાબતોથી ખાલીપો ભરવા માટે પ્રયત્ન કરે છે. પાપનું બીજું એક પરિણામ એ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમાં પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે, નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે,

***"કેમ કે પાપનું વેતન મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે"*** (રોમનને પત્ર 6:23). ઈસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, તેમણે ઘણાં લોકોને બતાવ્યું કે તેઓ જીવંત છે અને ત્યાર પછી તેઓ સ્વર્ગમાં પાછા જતા રહ્યાં.

ઈશ્વર પ્રેમ અને કરુણાનાં ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છુટકારાનો માર્ગ પૂરો  પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા ઘણા લોકોને પાપથી છોડાવવાને અને અનંતકાળીક નાશથી બચાવવા આવ્યા.

પાપની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે તે મુજબ, આપણે માત્ર એક જ બાબત કરવાની છે – ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીને અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

***"... જે કોઈ તેમના પર વિશ્વાસ કરે છે તે તેમના નામથી પાપની માફી પામશે"*** *(પ્રેરિતોના કૃત્યો 10:43).*

***"જો તું તારે મોઢે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને ઈશ્વરે તેમને મૂએલાંમાંથી પાછા ઉઠાડયા, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ"*** *(રોમનોને પત્ર 10:9).*

જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ તમારા પાપની માફી મેળવીને તમારા પાપોથી શુદ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારે માટે જે કાર્ય કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઈસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુદ્ધ કરવા કેવું અદ્દભુત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને લાગણી મુજબ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઈસુ, આજે મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદ્‌ભુત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારું મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે સ્વીકારું છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરૂં છું. હું મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હૃદયમાં વિશ્વાસ કરૂં છું અને મારે મોંઢાથી કબુલ કરૂં છું કે તમે મારે માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાંથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસને કારણે મને મારા પાપોની માફી અને શુદ્ધતા મળી છે.*

*પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદરૂપ થજો.*

*આમેન.*

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ (APC) તરીકે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠા સમાન અને અજવાળા સમાન બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક ઈસુ **પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સંપન્ન કરતું કેન્દ્ર, ખ્રિસ્તની સેવા માટે સમર્પિત અને વિશ્વને ખ્રિસ્ત ખાતર જીતવા માટે છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, ઈશ્વરનાં લોકોની માફક પ્રેમથી એકબીજાની સેવા કરતાં અને કાળજી રાખતા, ખ્રિસ્ત કેન્દ્રિત સંગતમાં ઈશ્વરના લોકો તરીકે ખ્રિસ્તમાં વૃદ્ધિ પામી છીએ.
- **સંપન્ન કરતાં કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે આત્મિક રીતે સજ્જ અને સંપન્ન કરીએ છીએ.
- **સેવાના કેન્દ્ર તરીકે**, અમે અમારા શહેર, દેશ અને વિશ્વને પવિત્ર આત્માનાં અદ્વિતીય પરકરમથી ઈશ્વરના વચનો વડે ઈસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા આપીને અર્થપૂર્ણ રીતે આશીર્વાદિત કરવા માટે જોતરાયેલા છે.
- **વિશ્વ સુવાર્તાના કેન્દ્ર તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના સેવકો, આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓને તૈયાર કરીએ છીએ કે જેથી તેઓ ઈશ્વરનાં રાજ્યના પ્રભાવને પોતાના વિસ્તારોમાં પ્રદર્શિત કરી શકે.

ઓલ પીપલ્સ ચર્ચ (APC) તરીકે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચન પ્રત્યે કોઈપણ પ્રકારનું સમાધાન કર્યા વગર સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, નવીનત્મ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પદ્ધતિને બદલી શકે નહિ (કરિન્થિઓને પહેલો પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુખ્ય વિષય ઈસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ નાશમાં જતાં લોકો છે અને અમારો ધ્યેય ઈસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ્સ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે આમરી વેબસાઇટ apcwo.org/locations ઉપર સંપર્ક કરી શકો છો અથવા અમને **contact@apcwo.org.** પર ઇ મેઈલ પણ કરી શકો છો. અથવા અમને **contact@apcwo.org.** આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/books** ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ **apcwo.org/sermons** ની મુલાકાત લેશો

# કવચયુક્ત સલાહ

વ્યક્તિગત રીતે જેઓ પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે તેઓને માટે કવચયુક્ત સલાહ ખૂબ મદદરૂપ થાય છે. કવચયુક્ત સલાહની સેવા માટે વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની એક ટીમ કાર્યરત છે.

અમારી સલાહની આ સેવા દરેક વયજૂથની વ્યક્તિઓ માટે છે અને જીવનનાં અનેકવિધ પડકારોમાંથી પસાર થતાં લોકો માટે છે.

**કિશોર અવસ્થા**

**વ્યક્તિગત અનુકૂળતા**

**પડકારજનક સબંધો**

**કારકિર્દીમાં સતત અસફળતા**

**કાર્ય સબંધી પ્રશ્નો**

**કુટુંબ / યુગલ: પરણિત, અપરણિત**

**માતા-પિતા / બાળકો/ભાઈ-બહેન / સાથીદાર**

**વર્તણૂક સબંધી અવ્યવસ્થા**

**વ્યક્તિત્વ સબંધી અવ્યવસ્થા**

**માનસિક / ભાવનાત્મક પ્રશ્નો**

**તણાવ / ચિંતા**

**દારુ / ડ્રગ્સનું વ્યસન**

**આધ્યાતિક સમસ્યાઓ**

**જીવન ઘડતર**

કવચયુક્ત સલાહની સેવા માટેની ફી પોસાય શકે તેવી છે અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. અમારા તાલિમબદ્ધ સલાહકાર સાથે મુલાકાત નક્કી કરવા માટે:

વેબસાઇટ: chrysalislife.org

ફોન: +91-80-25452617 અથવા કર મુક્ત (અંદર ભારત) 1-800-300-00998

ઈમેલ: counselor@chrysalislife.org

કવચયુક્ત સલાહની સેવા ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા ચલાવવામાં આવે છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (1) આગેવાની મજબૂત કરવી, (2) યુવાનોને સેવાને માટે સંપન્ન કરવા, અને (3) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદાર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે ભરતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ "ઓલ પીપલ્સ ચર્ચ, બેંગ્લોર" ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરવી શકો છો.

**એકાઉન્ટ નામ**: All Peoples Church

**એકાઉન્ટ નંબર**: 50200068829058

**IFSC કોડ**: HDFC0004367

**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru - 560043, Karnataka

***વિશેષ નોંધ:*** *ઓલ પીપલ્સ ચર્ચ ફક્ત ભારતીય બેન્કના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ્સ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યું છે. વધુ જાણકારી માટે કૃપા કરી આમરી વેબસાઇટ* ***apcwo.org/give.****ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.*

**ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ
apcbiblecollege.org

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર, દ્વારા ભારતના બેંગ્લોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંન્તિક નિપુણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃદ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચન ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય છે.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BPC) ખાતે, નિપુણ શિક્ષનની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય તેડાને પૂર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:

- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C. Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ (Dip. Th)
- ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ (B. Th)

**સોમવાર થી શુક્રવાર 9:00 થી 12:00 (UTC +5:30)** દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. અમે ત્રણ પ્રકારના વિકલ્પો આપીએ છીએ:

- **પ્રત્યેક્ષ હાજરી**: દરરોજ નિયમિત વર્ગખંડમાં પ્રત્યક્ષ હાજરી આપીને
- **ઓનલાઇન**: ઓનલાઇન માધ્યમ દ્વારા વર્ગખંડમાં હાજરી આપીને
- **ઈ-લર્નિંગ**: ઓનલાઇન પોર્ટલ apcbiblecollege.org/elearn ના માધ્યમથી જાતે અભ્યાસ કરીને.

કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે ઓનલાઇન અરજી કરવા માટે કૃપા કરી apcbiblecollege.org ની મુલાકાત લેશો.

આતિ  ક જાગૃતિ એ ઈશ્વરની મુલાકાતનો ઋતુકાળ છે. તે પૃથ ી પર વરસી રહેલો સ  ર્ગીય ઋતુકાળ છે. મુલાકાતના ઋતુકાળ દરમ ાન બાબતો ભિન્ન પરરકારની હોય છે! મુલાકાતના ઋતુકાળ દરમ ાન બાબતો ભિન્ન પરરકારની હોય છે! આપણે ઈશ્વરને આતિ  ક જાગૃતિ માટે, આશીવાદરદને અથવા મુલાકાતને માટે પરરાથનારા કરીને માંગણી કરીએ છીએ—પરંતુ જ્યારે આતિ  ક જાગૃતિ થાય ત ારે તેને માટે શું આપણે તૈયાર છીએ? જ્યારે આતિ  ક જાગૃતિ શરૂ થાય ત ારે તેને માટે આપણે તૈયાર રહેવું પડશે!

જ્યારે આતિ  ક જાગૃતિ થાય ત ારે મંડળી કેવી દેખાય? જ્યારે આપણે આતિ  ક જાગૃતિમાંથી પસાર થઈએ છીએ-સ  ર્ગીય આત  ા રેડાય છે અને ઈશ્વરની આતિ  ક મુલાકાતનો ઋતુકાળ હોય છે ત ારે આપણ ને શું થાય છે? એક બાબત બહુ નિશ્ચિત છે તે મંડળીને આપણે આજે જેવી જોઈએ છીએ તેવી નહિ દેખાય. રિવવારે જ્યારે આપણે મંડળી તરીક ભકિ  સભા માટે એકઠા મળીએ છીએ ત ારે, સામાન   રીતે આપણે પાળક સાહેબનો સંદેશો પૂરો થાય તેની રાહ જોતાં હોઈએ છીએ. કેટલાક તો તે દરમ ાન અડધી ઊંઘ ખેંચીને ઘરે જતાં રહેતા હોય છે! પરંતુ જ્યારે ઈશ્વરની મુલાકાતનો ઋતુકાળ હશે ત ારે મંડળી કઇંક જુદા જ પરરકારની હશે! ઈશ્વરના આશીવાદરદ અને આત ાના ભરપુરીપણા માટે તૈયાર રહો!

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org